ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
પરિપત્ર ક્રમાંક : એસ.એસ.આર–૧૦૨૦૦૪–આઈબી–૪૧ (૨૪) સ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨–૧૨–૨૦૦૬

વિષય : મકાનો અને અન્ય બાંધકામના કામદારોના કલ્યાણ સેસ.એકટ ૧૯૯૬ હેઠળ ૧% સેસ "ગુજરાત બિલ્ડીગ એન્ડ અધર કન્ટ્રકશન વર્કસ વેલફેર બોર્ડ" માં જમા કરાવવા અંગે

સંદર્ભ : (૧) શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક : સીડબલ્યુએ–૨૦૦૬–૮૪૧–એમ–૩, તા. ૩૦–૧–૨૦૦૬

(૨) શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક : સીડબલ્યુએ–૨૦૦૬–૧૯૩૧–એમ–૩, તા. ૯–૧૨–૨૦૦૫

## પરિપત્ર :

ઉપરોકત વિષયના સંદર્ભમાં દર્શાવેલ શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦–૧–૨૦૦૬ તથા તા. ૯–૧૨–૨૦૦૫ ના ઠરાવો (નકલ સામેલ છે) તરફ સર્વે સંબંધિતોનું ધ્યાન દોરતાં આથી જણાવવામાં આવે છે કે મંજૂર કરાતા ડ્રાફ્ટ ટેન્ડર્સ પેપર્સમાં "સેસ" અંગે જોગવાઈ કરીને ઈજારદારોના દર મહિને કરેલ કામના બિલાના ચુકવણામાંથી ૧(એક) ટકો સેસ કાપીને તે રકમ ગુજરાત બિલ્ડીગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ વેલફેર બોર્ડ" ના સંદર્ભ (૨) હેઠળના ઠરાવથી નિયત કરેલ હેડ–સબ હેડ ખાતે સબંધિત કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા જમા કરાવવાની રહેશે. હવે પછીથી જે નવા અંદાજો મંજૂર કરવામાં આવે તેવા અંદાજની દરેક આઈટમના ભાવોમાં ૧% વધારો કરીને વધારેલ ભાવ મુજબ અંદોજો મજુર કરવાના રહેશે. તથા ડ્રાફ્ટ ટેન્ડર્સ પેપર્સમાં તે મુજબ રકમ મુકવાની રહેશે. મોંટા ઓ સુવાચ્છ અક્ષરે :ત્ખ માં બીલમાંથી કપાત થનાર બધા જ પ્રકારના ટેક્ષ /સેસ વિગેરેનો ઉલ્લેખ કરવાનો રહેશે.

આ સૂચનાઓનો અમલ ચુસ્ત પણે થાય તેની દરેક દરેક સંબંધિતોને નોંધ લઈ તે મુજબ કાર્યવાહી અચૂક રીતે હાથ ધરવાની રહેશે.

સહી/–
(અશોક પંડયા )
ઉપ સચિવ
માર્ગ અને મકાન વિભાગ.

નકલ રવાના :–
સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, મા.મ. વર્તુળ,/પંચાયત મા.મ. વર્તુળ, ને.હા.વર્તુળ, એકસપ્રેસવે વર્તુળ, રા.ધો.મા.યો. વર્તુળ તથા ઈલેકટ્રીકલ મા.મ. વર્તુળ, સહિત

૧. સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ , ઉપરોકત વર્તુળો હસ્તકના સર્વે વિભાગો
૨. વિભાગના દરેક તાંત્રિક અધિકારીઓ., ના.કા.ઈ.શ્રીઓ સહીત મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર